# જીએસટીના ૩-બી ફાઇલિંગમાં કચ્છ ઘણું આગળ છે

ગાંધીધામ, તા. ૨૫ : ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન (ફોકિયા) દ્વારા આજે અહીં માલ અને સેવા કર (જીએસટી)ને બે વર્ષ પૂર્ણથતાં એક વિહંગાવલોકન વિષયે સેમિનારનું આયોજન થયું હતું. કચ્છના સીજીએસટી કમિશ્નર પ્રમોદ વસાવેએ આ આયોજનને બીરદાવતાં મુખ્ય મહેમાનપદેથી કહ્યું હતું કે, જીએસટીના ૩-બી રીટર્ન ફાઈલિંગમાં કચ્છ ઘણું આગળ છે. આવા સેમિનારથી બહાર આવતી સમસ્યાઓનું નિરાકરણ થાય તો તેનો હેતુ ચોક્કસ સરશે.

નવાં વિશાળ કરમાળખાંને લાગુ કર્યા પછી પ્રશ્નો ચોક્કસ ઉદભવે પરંતુ અત્યારે દેશભરમાં ૫૫ કરોડ ઈ-વે બિલ જનરેટ થયાં છે. જે બતાવે છે કે સ્થિતિ થાળે પડી રહી છે. તેમણે ઓગસ્ટમાં પૂર્ણ થવા જઈ રહેલા જીએસટીના ઓડિટ પહેલાં વાર્ષિક રીટર્ન જીએસટીઆર-૯ ભરી દેવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ રીટર્ન સાચી રીતે ભરાયુ હશે તો કોઈ ઉદ્યોગકારોને જીએસટી તરફથી કનડગત થશે નહીં.

સીજીએસટીના જોઈન્ટ કમિશ્નર ઝાકીર હુસૈને કહ્યું હતું કે, અગાઉના વેટ, એક્સાઈઝ વગેરેની તુલનામાં જીએસટીમાં કરદાતા ઘણા જ વધ્યા છે. જીએસટીઆર-૯માં અગાઉ ભરાયેલા ત્રણેય રીટર્નમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે સુધારવાની તક અપાય છે. તેથી એ વાર્ષિક રીટર્નમાં તમામ વિગતો દર્શાવવાથી ઘણી રાહત થશે. સીજીએસટીના અધિકારી શશિકાંત શર્માએ કહ્યું હતું કે, કચ્છમાંથી ૩૦૦૦ કરોડ જીએસટી ભરાયો છે, પરંતુ તેની સામે લગભગ ૧૦ ટકા એટલે કે ૩૦૦ કરોડના વ્યવહારો કરચોરીના અમે શોધી કાઢ્યા છે. તેમણે સાચા કરદાતા બનવા અને તંત્રને સહકાર આપવા અપીલ કરી હતી. રાજ્ય જીએસટીના ડેપ્યુટી કમિશ્નર ભૂપેન્દ્ર શ્રીમાળીએ કહ્યું હતું કે, તેમને સ્ટાફની અછત છે. જરૂરી સ્ટાફના ૪૦ ટકાથી કામ ચાલી રહ્યું છે. તેમણે કરદાતાઓના સહકારની આશા દર્શાવી હતી.

આ અગાઉ વેલસ્પનના પારસમલ જૈને એડવાન્સ રૂલીંગ ઓથોરિટી, ટેક્સ સ્લેબ, રીફંડ, કેટલાંક નીતિ નિયમોના અમલીકરણમાં મુશ્કેલી, કસ્ટમ એક્ટમાં જરૂરી સુધારા, ટેક્સ બેનીફીટ યોજનાની અધૂરાશો, પ્રશ્નો વગેરેનું વિસ્તૃત વર્ણન કર્યું હતું. અદાણી જૂથના દિનેશ બિરલાએ વન નેશન વન ટેક્સની બે વર્ષની યાત્રા અંગે વિસ્તૃત વક્તવ્ય આપ્યું હતું, તેમણે રીટર્ન ફાઈલીંગને ખરા અર્થમાં સરળ અને સુગમ બનાવવા જીએસટીના ત્રણ ભાગીદાર સરકાર, ઉદ્યોગકાર અને કરવેરા નિષ્ણાંતો સાથે મળી યોગ્ય સુધારા કરવા, રાજ્યોને મળતી વિવિધ સેસની સત્તા અંગે ફેરવિચારણા કરવા, જીએસટી આવતાં એસઈઝેડ ધારાનો ટકરાવ થઈ રહ્યો છે. તે દૂર કરવા તંત્રને અનુરોધ કર્યો હતો.

ફોક્યિાના એમડી નિમિષ ફડકેએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, પ્રશ્નો-સમસ્યાઓનો સ્વીકાર પણ થાય તો તે તેના નિરાકરણની શરૂઆત ગણાય. જીએસટીના સંદર્ભમાં તે થઈ રહ્યું છે એ મોટી વાત છે. તેમણે કચ્છના લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગગૃહો, વેપારીઓને જો કોઈ સમસ્યા હોય તો તે ફોક્યિાને મોકલવા અપીલ કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં ઓલ ઈન્ડિયા એમ.એસ.એમ.ઈ. સંગઠનના અધ્યક્ષ ડો. અવિનાશ દલાલે ફોક્યિાને માનદસભ્ય પદ પ્રદાન કર્યુ હતું. જેનો ફોક્યિા વતી એમડી શ્રી ફડકે તથા જોઈન્ટ એમડી તલકશી નંદુએ સ્વીકાર કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના શરદ ભાટીયાએ સૌને આવકાર્યા હતા. સંચાલન પેશા મહેતાએ જ્યારે આભાર દર્શન હેમાલીબેને સંભાળ્યું હતું. વ્યવસ્થામાં ગુરદીપ સહાણી, મનોજ રસ્તોગી, આશિત ધોળકિયા, દીપક વોરા વગેરેએ સહકાર આપ્યો હતો.



ગાંધીધામમાં ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન(ફોકીયા) દ્વારા માલ અને સેવા કર(જી.એસ.ટી)ને બે વર્ષ પૂર્ણ થતાં એક વિહંગાવલોક્ન સંદર્ભે આયોજિત સેમિનારમાં મંચસ્થ ફોક્યિાના એમ.ડી નિમિષભાઈ ફડકે,જી.એસ.ટી કમિશ્નર પ્રમોદભાઈ વસાવે વગેરે તથા બીજી તસવીરમાં ઉપસ્થિત શ્રોતાઓ દેખાય છે. (તસવીર:વીનેશ ઠક્કર).

**માલ અને સેવાકરને બે વર્ષ પૂર્ણ થતાં ગાંધીધામમાં ફોકિયા દ્વારા યોજાયો વિહંગાવલોકન સેમિનાર : ઉદ્યોગકારો-વેપારીઓને નડતી સમસ્યાઓ તથા તેના સંભવિત નિરાકરણ અર્થે થયું મનોમંથન**

Scanned by CamScanner